આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૩૦ | ૨૦ જુલાઇ, ૨૦૧૪, રવિવાર; અષાઢ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

બાળપણમાં વરસાદને જોવામાં કેવો આનંદ આવતો હતો, તમને વરસાદમાં પલળવાનું મન થતું હોય તો સમજજો કે હજું તમારામાં સરળતા બચી છે
- શાહબુદ્દીન રાઠોડ

NEWS બિટસ

અંબાજી મંદિરના શિખર માટે પોણા ત્રણ કિલો સોનું અર્પણ

ગુજરાતના પ્રસિધ્ધ યાત્રાધામ અને શકિતપીઠ અંબાજી મંદિરના સુવર્ણ શિખર માટે ૮૨,૧૨,૪૪૯ રૂપિયાની કિંમતનું ૨ કિલો ૭૫૦ ગ્રામ સોનું જગદંબાના ચરણે અર્પણ કરી પૂજનવિધિ કરવામાં આવી હતી.આ યોજનામાં અત્યાર સુધીમાં કુલ ૪૦ કિલોથી વધારે સોનાનું દાન મળ્યું છે.

રેલવે ટીકીટમાં રૂ. ૧૦૦ના ડિસ્કાઉન્ટની ઓફર

ગયા વર્ષે ડુંગળીના વેચાણની સફળ સ્કીમ રજૂ કર્યા બાદ ઈ-કોમર્સ કંપની ગ્રુપ ઓન ઈન્ડિયા દ્વારા 'રેલ ડીલ' નામની ઓફર રજુ કરાઈ હતી. આ ઓફર અંતર્ગત ગ્રાહકોને રેલવે ટીકીટની ખરીદી પર રૂ. ૧૦૦ની છૂટ મળશે. ગ્રુપ ઓન દ્વારા આ માટે સ્પાઈસ સફર સાથે ભાગીદારી કરાઈ છે. ગુરુવારથી શરૂ થયેલી આ સ્કીમ અંતર્ગત ગ્રુપ ઓન ઈન્ડિયા દરરોજ રૂ. ૯ના મૂલ્યની ૨૦૦૦ કૂપન્સ પુરી પાડશે. આ કૂપન્સની મદદથી ગ્રાહકો સ્પાઈસ સફર એપની મદદથી ટીકીટ બુક કરાવી શકશે અને ડિસ્કાઉન્ટનો લાભ મેળવી શકશે.

મેઘમહેર યથાવત

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૧૯

મેઘરાજાએ સતત ત્રીજા દિવસે વહાલ વરસાવતા શહેરમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વધુ ૨૨ મીમી જેટલો વરસાદ નોંધાયો છે. આ સાથે મૌસમનો કુલ વરસાદ ૯૨ મી.મી. સુધી પહોંચ્યો છે. મેઘાની મહેર ચાલુ રહેતા નગરજનો અને ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ચોમાસાના આગમનને ઘણો સમય વિત્યા બાદ આવેલો વરસાદ સૌને ખુબ વ્હાલો લાગી રહ્યો છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી શહેરમાં આકાશ ગોરંભાયેલું છે. કાળા ડિબાંગ વાદળોની અવરજવર સતત જોવા મળી રહી છે. છેલ્લા ત્રણ દિવસથી મોડી રાત્રે અને વહેલી સવારે સારો એવો વરસાદ પડી જાય છે. વરસાદી માહોલમાં શહેર જાણે હીલ સ્ટેશનમાં ફેરવાયું છે. છેલ્લા ૩ દિવસથી લગભગ એક ઈંચથી સવા ઈંચ સુધીનો વરસાદ પડી ગયો છે.

આજે સતત ત્રીજા દિવસે પણ મેઘરાજાનું આગમન મોડી રાત્રે થયું હતું. રાત્રે નવથી અગિયાર વાગ્યા સુધી એકી ધારે વરસાદ વરસ્યો હતો. હવામાન ખાતાના આંકડાઓ અનુસાર ગઈકાલે રાત્રે લગભગ ૧૮ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. જયારે આજે સવારે ૮ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી વરસાદી ઝાપટા પડયા હતા. અને ૪ મીમી વરસાદ નોંધાયો હતો. આમ છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૨૨ મી.મી. વરસાદ નોંધાયો છે. આ સાથે મૌસમનો કુલ વરસાદ ૯૨ મી.મી. સુધી પહોંચ્યો છે.

જો કે હજુ સુધી વરસાદની હેલી જોવા મળી નથી. અષાઢી વરસાદ કહી શકાય તેવો અનરાધાર વરસાદની વસાહતીઓ રાહ જોઈ રહ્યા છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં જેમ એકધારો તોફાની વરસાદ વરસી રહ્યો છે તેવો વરસાદ હવે ગાંધીનગરાઓ ઈચ્છી રહ્યા છે. વરસાદ પડતા તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. મહત્તમ તાપમાન ૩૧.૨ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૫.૦ ડી.સે. નોંધાયું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૧૦૦ ટકા અને સાંજે ૮૫ ટકા નોંધાયું હતું.

રાજ્યભરમાં ચોમાસાની જમાવટ

ઉત્તર અને મધ્ય ગુજરાતમાં એકથી નવ ઇંચ સુધી વરસાદ : ગુજરાતમાં વરસાદના કારણે ખેડૂત ખુશ : વાવણી કાર્ય ઝડપી : સાયક્લોનિક સરક્યુલેશની અસર : હજુપણ ભારે વરસાદની હવામાન વિભાગની ચેતવણી

ગાંધીનગર, તા.૧૯

ઉત્તર અને મધ્ય ગુજરાતમાં વરસાદી માહોલ જામ્યો છે. તમામ જગ્યાઓએ એકથી ૯ ઈંચ જેટલો વરસાદ થયો છે. હજુ પણ હવામાન વિભાગે ભારે વરસાદની ચેતવણી જારી કરેલી છે. વરસાદની સ્થિતિમાં સુધારો થતાં ખેડૂતોમાં આનંદનું મોજુ ફરી વળ્યું છે. રાજ્યભરમાં મેઘરાજાએ હેતની હેલી વરસાવતા તમામ જગ્યાઓએ હળવા ઝાપટાથી નવ ઈંચ જેટલો વરસાદ થયો છે. લાંબા સમય સુધી રાહ જોવડાવ્યા બાદ ગુજરાતમાં વરસાદની એન્ટ્રી થઈ છે. ખેડૂતોએ વાવણી પ્રવૃત્તિ તીવ્ર બનાવી દીધી છે. અપરએર સાયક્લોનિક સરક્યુલેશનની સિસ્ટમ સર્જાઈ છે જેના લીધે ભારે વરસાદ થઈ રહ્યો છે. ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગઈકાલે ઉદભવેલું સાયકલોનીક સરક્યુલેશન થોડું ખસ્યું હોવા છતાં તે હજુ ગુજરાત પર જ છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં અને અરબી સમુદ્ર પર વાદળોના ગંજ ખડકાયા છે અને તેના કારણે આજે

ગુજરાતના અનેક વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદ નોંધાયો હતો. હવામાન ખાતાના સત્તાવાર સાધનોના જણાવ્યા મુજબ આજે ગુજરાતમાં સવારે સાયકલોનીક સરક્યુલેશન દેખાયું છે. આ ઉપરાંત અરબી સમુદ્રમાં ગુજરાતથી કેરળની દરિયાઈ પટ્ટીમાં ઓફ શોર ટ્રક સર્જાયું છે. જેના કારણે ગુજરાત, દીવ, દમણ, દાદરાનગર હવેલી સહિતના વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદની પ્રબળ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ભારે વરસાદના કારણે

● અનુસંધાન પાન-૭ પર

મુખ્યમંત્રી આનંદીબેન સાથે નાઈઝિરિયન હાઈકમિશનરની જુદા જુદા મુદ્દે વાતચીત

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી આનંદીબેન પટેલની આજે નાઈઝીરીયન હાઈકમિશ્નર શ્રીયુત નાદુબૂસી વી આમાકુએ ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રી સાથે નાઈઝીરીયન હાઈકમિશ્નરે ગુજરાતે વૈશ્વિક કક્ષાની શિક્ષણ સવલતો રાજ્યમાં ઉભી કરી છે તેની પ્રસંશા કરતાં નાઈઝીરીયાનના યુવા કૌશલ્યને આ યુનિવર્સિટીઓમાં શિક્ષણ સુવિધા વધુ પ્રમાણમાં મળે તે માટેની સુચારૂ વ્યવસ્થામાં સહયોગની તત્પરતા દર્શાવી હતી.

જોઈએ છે
LED TV, LCD TV, Colour TV
જુના બંધ હાલતમાં
સંપર્ક : શૈલેષભાઈ ● મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

મકાન વેચવાનું છે
ન્યુ ગ્રીનસીટી સેકટર-૨૬, કોમન પ્લોટ પાસે, ૧૫૦ મી. પ્લોટ એરિયામાં આર્કિટેક ડિઝાઈનથી ફુલ બાંધકામ વાળુ મકાન વેચવાનું છે. D'Martની પાછળ
મો. ૯૮૨૫૦૩૩૭૪૦

ખારેક મહોત્સવ
કચ્છના ખેડૂત ભાઈઓ દ્વારા કચ્છની પ્રખ્યાત ખારેકનું વેચાણ ચાલુ કરવામાં આવેલ છે.
તા. ૫/૮/૨૦૧૪ સુધી
રવિવારે ચાલુ રહેશે
કૃષિભવન, પાર્કીંગમાં, સેક્ટર-૧૦, ગાંધીનગર
નારાણભાઈ ગઢવી - મો. : ૯૯૨૫૩ ૩૩૨૯૨

રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન
(માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારનું સ્વાયત્ત સંગઠન)
પ્રાદેશિક કેન્દ્ર ગાંધીનગર
૩મો માળ, એમ.એસ. બીલ્ડીંગ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧
ફોન: ૦૭૯-૨૩૨૨૦૪૧૦, મોબાઈલ: ૮૭૩૩૦૨૩૫૬૫, ફેક્સ: ૦૭૯-૨૩૨૨૦૪૧૧
વેબસાઈટ: www.niosgnr.org, ઈ-મેઈલ: rcgandhinagar@nios.ac.in
(સીબીએસઈ/સીબાઈએસસીઈ સમકક્ષ ભારત સરકારનું પરીક્ષા બોર્ડ)
માન્યતા પ્રાપ્ત બોર્ડના અસફળ વિદ્યાર્થીઓ માટે NIOSમાં માધ્યમિક અને ઉચ્ચર માધ્યમિક અભ્યાસક્રમો માટે ઓનલાઈન પ્રવેશની સુવિધા
તમારું અમૂલ્ય 1 વર્ષ બચાવો
પ્રવેશ ચાલુ છે.
છેલ્લી તારીખ ૩૧-૭-૧૪
પ્રથમ પરીક્ષા ઓક્ટોબર ૨૦૧૪માં
પ્રવેશની જરૂરીયાતો : • જે વિદ્યાર્થીઓ GSHEB/CBSE/CISCE કે અન્ય માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ની પરીક્ષામાં અસફળ થયેલા હોય કે કોઈ કારણસર પરીક્ષા આપી શકયા ન હોય તેવા વિદ્યાર્થીઓ પ્રવેશ લઈ શકશે. વિદ્યાર્થીએ જ વિષયો બોર્ડની પરીક્ષામાં લીધેલ હોય તેમાંજ પ્રવેશ લઈ શકશે. • એડમીશન ફોર્મની સાથે ઓરીજીનલ માર્કસીટ અને પ્રવેશપત્ર જરૂરી છે.
આ ઉપરાંત એપ્રિલ-૨૦૧૫ની પરીક્ષાઓ માટે પ્રવેશ ચાલુ છે જેમાં તમે તમારી પસંદગી પ્રમાણેના વિષયો લઈ શકશો.
સુવિધાઓ: ટ્રાન્સફર ઓફ ક્રેડીટ (TOC) : જે બે વિષયમાં તમે પાસ હો તેની ક્રેડીટ લઈ શકો છો. એટલે કે આ બે વિષયની ફરી પરીક્ષા આપવાની જરૂર નથી.
NIOSની જાહેર પરીક્ષાઓ: અત્યારે પ્રવેશ લીધેલા વિદ્યાર્થીઓ ઓક્ટોબર/નવેમ્બર ૨૦૧૪માં પરીક્ષા આપી શકશે. ઓક્ટોબર/નવેમ્બર ૨૦૧૪ની જાહેર પરીક્ષા પછી વિદ્યાર્થી ઇચ્છે ત્યારે On Demand Exam આપી શકશે.
NIOSની વિશેષતાઓ : પ્રવેશ પાંચ વર્ષ સુધી માન્ય • ગુજરાતી, હિન્દી, ઉર્દૂ, અંગ્રેજી અથવા બીજી સ્વીકૃત ભારતીય ભાષાના માધ્યમમાં પરીક્ષા આપી શકાશે • વર્ષમાં બે વાર પરીક્ષાઓ • પ્રમાણપત્રની માન્યતા સીબીએસઈ, ગુજરાત બોર્ડ અને દેશના કોઈપણ પરીક્ષા બોર્ડને સમકક્ષ માન્ય
વધુ માહિતી તથા પ્રવેશ માટે આજે જ સંપર્ક કરો
વિદ્યાર્થી NIOSની વેબસાઈટ www.nios.ac.in પરથી 24x7 પ્રવેશ મેળવી શકે છે. પ્રવેશ પહેલા માહિતી પુસ્તિકા જરૂરથી વાંચો. (મૂલ્ય રૂ. ૧૦/-)
અનઅધિકૃત સંસ્થા તથા એજન્ટ દ્વારા પ્રવેશ મેળવશો નહિં.
નામાંકીત શાળાઓ/સંસ્થાઓ એનઆઇઓએસના અભ્યાસ કેન્દ્ર/સુવિધા કેન્દ્ર બનવા માટે આવકાર્ય છે.
વિશ્વની સૌથી મોટી મુક્ત વિદ્યાલયી શિક્ષણ પ્રણાલી !!

ગાંધીનગર માટે
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

KIPA રાસ-ગરબા ક્લાસ
પારંપારિક તથા આધુનિક શૈલીથી થતાં રાસ-ગરબાની તાલીમ મેળવી, આગામી નવરાત્રી માટે સજ્જ થવા સંપર્ક કરો
ખુશ્બૂ કુલદીપ શુકલ મો.7405117117
પ્લોટ નં.૫૬૧/૨, તેજસ સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર.
ક્લાસ ૧ ઓગસ્ટ, ૨૦૧૪થી શરૂ

સચિવાલય ડેટા ઓપરેટર (કલાર્ક)
✓ તલાટી ✓ કલાર્ક ✓ કોન્સ્ટેબલ માં
ટૂંક સમયમાં 15000+ થી વધુની ભરતી (વર્ગ-૩ માટે)
મહેસાણા
બેચ શરૂ તા. 30.07.2014 | બેચનો સમય બપોરના 2-00 થી 3-30 | ભણવાના દિવસ રવિ થી ગુરૂ
ગાંધીનગર
28.07.2014 | બપોરના 12-45 થી 2-15 | સોમ થી શુક્ર
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
ધો.૧૨ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા
ધો.12 પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા ઊમેદવારો માટે...
રવિવારની રજાનો સદઉપયોગ કરી ગુજરાત સરકારમાં નોકરી મેળવો!
પ્રવેશ ચાલુ તા. 17.07.2014 થી 24.07.2014
વર્ગ શરૂ થવાની તા. 03.08.2014 ગુરૂવાર
ભણવાનો સમય ➡ સવારના 9 થી 12-30 બપોરના 1 થી 4-30
ભણવાનો દિવસ ફક્ત રવિવાર | 40 અઠવાડિયા / 12 માસ નો કોર્ષ | ફી માત્ર ₹ 4000/- (માસિક)
જીવનદીપ કોર્ષ-2014
➡ ગુજરાતી વ્યાકરણ / સાહિત્ય
➡ ગાણિતીક અભિવ્યક્તિ ➡ અંગ્રેજી વ્યાકરણ
➡ બુદ્ધિચાતુર્ય કસોટી ➡ સ્પોકન અંગ્રેજી
➡ સામાન્ય જ્ઞાન ➡ ઈન્ટરવ્યું ટેકનીક
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર-9537614606
પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A.
સંપર્ક : સોમ થી શનિ (સવારના 3.00 થી 5.30)
મહેસાણા - 9537614607
પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ.
સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી 4)
પેથાપુરમાં એડમિશન માટે ગાંધીનગર શાખામાં મળવું.

જોઈએ છે
સેક્ટર-૪એથી સરગાસણ ચોકડી, ખ-રોડ સુધીની સોસાસટીઓમાં વહેલી પરોઢે પેપર વિતરણ કરી શકે તેવા ઉત્સાહી યુવાન જોઈએ છે. અથવા ઉપરોક્ત પેપર વેચાણથી લેવાની ઈચ્છા ધરાવતા વ્યક્તિઓએ સંપર્ક કરવો.
સંપર્ક :
વિપુલ એસ. ક્રિશ્ચિયન
મો. ૯૯૨૫૫ ૨૭૬૯૧

જોઈએ છે
ડ્રાઈવર જોઈએ છે
મો. ૯૮૭૯૬ ૮૧૦૧૯
મો. ૯૦૯૯૦ ૩૮૫૭૫

જોઈએ છે
● એકાઉન્ટન્ટ
૧૦ વર્ષના અનુભવી,
● હોસ્ટેલ રેક્ટર
- ગર્લ્સ હોસ્ટેલ માટે,
● મેઈન્ટેનન્સ સુપરવાઈઝર
● ડ્રાઈવર
કોન્ટેક્ટ નં.
૯૯૧૩૩ ૭૪૨૭૯

અમૃત પર્વના પ્રારંભે પ્રણામ

ચંદ્રકાન્ત દત્તાત્રેય ધનેશ્વર
જન્મ તારીખ : ૨૦/૭/૧૯૩૯
આપના અમૃત પર્વના પ્રારંભે પ્રણામ પાઠવીએ છીએ. આપે મૂલ્યનિષ્ઠ જીવન જીવી અમારામાં સિંચેલા સંસ્કાર આજે પણ મહેંકે છે. આપની જીવનનિષ્ઠા-સત્યનિષ્ઠા અને કર્મનિષ્ઠા અમારા જીવન પંથનો પ્રકાશ બની રહ્યો છે તેનું અમારે મન મોટું મૂલ્ય છે.
અમને આપના પરિવાર હોવાનું ગૌરવ છે.
આજે આપના ૭૫માં વર્ષના મંગલાચરણે આદરપૂર્વક પ્રણામ પાઠવીએ આશીર્વાદ અભિલાષીએ છીએ...
લિ.
પંકજા શશાંક વૈજના પુરકર
તુષાર ચંદ્રકાન્ત ધનેશ્વર | અમિત ચંદ્રકાન્ત ધનેશ્વર
સુજાતા તુષાર ધનેશ્વર | અપર્ણા અમિત ધનેશ્વર
પ્રાચી - પ્રાપ્તિ - ધવલ - યોગેન